મે-૨૦૨૫

# પેન્શનર્સ પ્રકાશ

## Role of Bank Pensioners in India in the Current War-like Situation

Dear Friends,

We are all aware that following the terror attack on the innocent tourists in Pahalgam on 22nd April 2025, the entire country was shocked and everyone felt that a stern action is needed against not only the terrorists but also against those who support them from across our borders. Our armed forces have responded in a measured, responsible and in non-retaliatory manner but with a deterrent force on the hideouts of the terrorists in our neighbouring country. However, the other side, in response, have behaved irresponsibly and lanched attacks on our civilian and military bases forcing our armed forces to respond to them in equal befitting measure. When this editorial is being written, the uncertainty prevails as to when this war like situation will end. We better leave that matter with our armed forces and our diplomats.

Bank pensioners, though retired, are a valuable asset to the nation in the times of crisis. With their decades of experience in finance, administration, and public service, they can contribute in many ways during a war-like situation:

### 1. Financial Awareness and Guidance

**Educating the public:** Bank pensioners can help citizens understand how to manage their money wisely during uncertain times.

**Preventing panic:** By guiding people on safe banking practices, avoiding scams, and staying financially calm, they can reduce panic-related withdrawals or misinformation.

**Promoting digital transactions:** They can encourage the use of digital platforms for secure and contactless financial operations.

### 2. Support in Relief and Aid Funds

**Donation drives:** Bank pensioners can mobilize their networks to raise funds for the armed forces, disaster relief, or affected families.

**Transparency advocacy:** Their expertise can help to ensure that donation drives and relief funds are managed transparently and efficiently.

### 3. Voluntary Services

**Assisting banks:** In case of staff shortages, some may volunteer temporarily or in an advisory role to support branch operations, especially in rural or high-need areas.

**Financial inclusion:** Retired bankers can help rural populations access government aid, open accounts, or understand subsidy/compensation schemes.

### 4. Community Leadership

**Awareness campaigns:** Bank pensioners can use their credibility to spread messages about war-time precautions, anti-fraud measures, and support for government policies.

**Combating misinformation:** Their authority can help counter financial rumors or fake news that can destabilize public trust.

### 5. Moral and Social Support

Mentoring younger bankers: They can provide moral and professional support to serving bank employees facing pressure during crisis operations.

**Counseling families:** With their calm demeanor and life experience, they can help communities and families cope with stress, especially in conflict-affected regions.

Let us all resolve to do our best in the given situation and pray for the armed forces personnel who are fighting to save us and our country.

When this editorial is going to the press for publication, ceasefire has been declared. However, the tension prevails and restoration of normalcy is likely to take some time. We all need to be vigilant about our surroundings and exercise restraint in whatever we post on social media or talk in our groups. Our sincere prayers for those of our countrymen living in border areas who suffered loss of life and property. Our salute to those men in uniforms who are protecting us round the clock.

**Jai Hind... Salute to Indian Army**

**Kamal Kadri - Editor**

વર્ષ-૧૮ ● અંક : ૫
પ્રતિ અંક છૂટક કિંમત રૂ.૧૦/-
વાર્ષિક લવાજમ રૂ. ૧૨૦/-

પ્રકાશન સ્થળ : સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા પેન્શનર્સ એસોસીએશન
એસબીઆઈ ઝોનલ ઓફિસ, ત્રીજા માળે, સી.એન. વિદ્યાલય, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫

# ભારતમાં વર્તમાન યુદ્ધ જેવી પરિસ્થિતિમાં બેંક પેન્શનરોની ભૂમિકા

પ્રિય મિત્રો,

આપણે બધા જાણીએ છીએ કે ૨૨ એપ્રિલ, ૨૦૨૫ના રોજ કાશ્મીર પહેલગામમમાં નિર્દોષ પ્રવાસીઓ પર આતંકવાદી હુમલાની ઘટનાને લઈને સમગ્ર દેશ ઊંડા આઘાતમાં હતો અને દરેકને એવું લાગતું હતું કે માત્ર આતંકવાદીઓ વિરૂદ્ધ જ નહીં, પરંતુ આપણી સરહદની બહારથી તેમને ટેકો આપનારાઓ વિરૂદ્ધ પણ કડક કાર્યવાહી કરવાની જરૂર છે. આપણા સશસ્ત્ર દળોએ સંયમિત, જવાબદાર અને પ્રતિશોધ મુક્ત રીતે, પરંતુ આતંકવાદીઓના ઠેકાણાઓ પર ચોકસાઈપૂર્વક અને આક્રમકતાપૂર્વક પગલા લઈ, આતંકવાદીઓના અડાને ધ્વસ્ત કરી નાખ્યા.

પરંતુ બીજી તરફથી જવાબદારી વગરના હુમલાઓ સાથે આપણા દેશના નાગરિકો અને સૈન્યના ઠેકાણાઓ પર હુમલાઓ શરૂ કરાયા. જેના જવાબમાં આપણા સશસ્ત્રદળોએ પણ યોગ્ય જવાબી કાર્યવાહી કરી હતી, જ્યારે આ સંપાદકીય લેખ લખવામાં આવી રહ્યો છે, ત્યારે હજુ પણ અસંગતતા છે કે આ યુદ્ધ જેવી પરિસ્થિતિ ક્યારે સમાપ્ત થશે? આ બાબતે આપણે આપણા દળો, રાજદૂતો અને ભારત સરકાર પર નજર રાખવી રહી.

બેંક પેન્શનરો દેશ માટે સંકટકાળમાં અમૂલ્ય માનવ સંપત્તિ છે. નાણાંકીય, પ્રશાસન અને જાહેર સેવા ક્ષેત્રે તેમના વર્ષોના અનુભવ સાથે, તેઓ યુદ્ધ જેવી સ્થિતિમાં ઘણી રીતે દેશ સેવામાં યોગદાન આપી શકે છે.

### ૧. નાણાકીય જાગૃતિ અને માર્ગદર્શન

**પ્રજાને શીખવવું :** બેંક પેન્શનરોએ નાગરિકોને અનિશ્ચિત સમયમાં કેવી રીતે તેમના આર્થિક વ્યવહાર વ્યવસ્થિત રીતે કરવા અને ઉપલબ્ધ મૂડી કેવી રીતે સાચવવી તેની સમજ આપી શકે છે.

**ઘબરાહટ અટકાવવી** : લોકોમાં સુરક્ષિત બેંકિંગ પદ્ધતિઓ, ઠગાઈથી બચવા અને નાણાકીય શિસ્ત જાળવવા માટે માર્ગદર્શન આપી શકે છે.

### ૨. રાહત અને સહાય ફંડમાં સમર્થન

પેન્શનરો તેમના સામાજિક સંપર્કમાં અને સંબંધો દ્વારા સશસ્ત્રદળો, આપત્તિ રાહત કે અસરગ્રસ્ત પરિવારો માટે ફંડ એકત્રિત કરવામાં મદદરૂપ થઈ શકે છે.

### ૩. સ્વૈચ્છીક સેવાઓ

બેંકોને મદદરૂપ થવું, સ્ટાફની અછત હોય તો તેઓ તાત્કાલિક અથવા સલાહકારરૂપે સેવાઓ આપી શકે છે, ખાસ કરીને ગ્રામ્ય અથવા ઉચ્ચ જરૂરિયાત ધરાવતાં વિસ્તારોમાં.

**નાણાકીય સમાવેશ :** નિવૃત્ત બેંકરો ગ્રામ્ય લોકોને સરકારી સહાય પહોંચાડવામાં, ખાતું ખોલવામાં તેમજ અન્ય સરકારી યોજનાઓ સમજાવવામાં મદદ કરી શકે છે.

### ૪. સમાજસેવી નેતૃત્વ

**જાગૃતિ અભિયાન :** પેન્શનરો તેમની વિશ્વસનીયતા વડે યુદ્ધકાળના સમય દરમિયાન સાવચેતી, ઠગાઈથી બચવા અને સરકારની નીતિઓ અંગે લોકોમાં જાગૃતિ ફેલાવી શકે છે.

**ભ્રામક માહિતી સામે લડત :** નિવૃત્ત બેંક કર્મચારીઓ તેમની પ્રતિષ્ઠાને લીધે નાણાકીય અફવાઓ અથવા ખોટી માહિતીનો પ્રતિકાર કરવામાં મદદરૂપ થાય છે.

### ૫. નૈતિક અને સામાજિક ટેકો

**યુવાન બેંકરોને માર્ગદર્શન :** તેઓ યુદ્ધ ગ્રસ્ત પરિસ્થિતિમાં કાર્યરત બેંક કર્મચારીઓને નૈતિક અને વ્યવસાયિક ટેકો આપી શકે છે.

**કુટુંબોનું કાઉન્સેલિંગ :** તેમના શાંત સ્વભાવ અને જીવનના અનુભવને આધારે તેઓ યુદ્ધગ્રસ્ત વિસ્તારોમાં પરિવાર અને સમુદાયને સંઘર્ષમાંથી પસાર થવામાં મદદરૂપ બની શકે છે.

ચાલો આપણે સૌ સાથે મળીને આ પરિસ્થિતિમાં શ્રેષ્ઠ કાર્ય કરવાની પ્રતિજ્ઞા લઈએ અને આપણા શસ્ત્ર દળોના જવાનો માટે પ્રાર્થના કરીએ કે જે આપણું અને આપણા દેશનું રક્ષણ કરી રહ્યા છે.

આ સંપાદકીય લેખ મુદ્રિત થવા જઈ રહ્યો હતો ત્યારે, બંને દેશો વચ્ચે યુદ્ધ વિરામની ઘોષણા થઈ ગઈ છે અને સરહદી વિસ્તારોમાં શાંતિ પ્રસ્થાપિત થઈ રહી છે તેમ છતાં આતંકવાદી હુમલા ક્યાં અને ક્યારે થાય તે કહેવું મુશ્કેલ છે તેથી પ્રસ્તુત સંપાદકીય અત્યારના વાતાવરણમાં અને પરિપ્રેક્ષ્યને અનુરૂપ છે.

**સર્વે ભવંતુ સુખિનઃ સર્વે સન્તુ નિરામયા...**
**જય હિન્દ... જય ભારત...જય ભારત કી સેના...**

**કમાલ કાદરી**
**સંપાદક**


Apollo 24|7
Apollo PHARMACY
Medical Health Checkup Camp
Join Us at the
SBIPA Apollo Connect Health Camp
A Day Dedicated to Your Wellness
Registration is Mandatory આજે જ આપનું રજિસ્ટ્રેશન નીચે જણાવેલ મોબાઈલ પર કરાવશો
Consultations With an Ayurvedic Doctor & a Physiotherapist
Lung Function Test With Respiro Machine
BMI & Face Screening for Wellness Assessment
For Registration Mobile No :
Kantilal Parmar : 98980 00444
Subhash Patel : 76000 35295
Mahendra Chauhan : 98258 47484
Smitesh Shah : 76000 38688
Camp Details
1st June 2025 (Sunday)
11 AM to 2 PM
SBI Ahmedabad Administrative Office
C. N. Vidyalaya Compound, Surendra Mangaldas Road, Ambawadi, Ahmedabad-380015
15th June 2025 (Sunday)
11 AM to 2 PM
Punit Ashram Hall
B/h. SBI Maninagar Branch, Opp. Ramji Mandir, Maninagar, Ahmedabad-380008



અરિહંત ઓર્થોપેડિક હોસ્પિટલ અને
જોઈન્ટ રિપ્લેસમેન્ટ સેન્ટર
PATIENT SAFETY & QUALITY OF CARE
NABH
CERTIFIED
DR.TEJAS GANDHI
M.S. Ortho (Goldmedalist)
Senior Joint Replacement Surgeon
PIONEER IN M.I.C.R.O KNEE SURGERY
Fellowship: SGH Hospital,Singapore
Oxford University,U.K.
(૧૫૦૦૦ થી પણ વધુ ઘૂંટણ તથા
થાપાના ઑપરેશનનો બહોળો અનુભવ)
(સબવાસ્ટસ એપ્રોચ જેમા સ્નાયુ કાપ્યા
વગર ઓપરેશન કરવામાં આવે.)
AI Based Surgeon
Control Robotic
System
ROBOTIC JOINT
REPLACEMENT
SBI, ESBI PENSIONER'S
and SPOUSE માટે સંપૂર્ણ
કેશલેસ સુવિધા ઉપલબ્ધ છે.
SBI, ESBI Pensioner's માટે
Online Authentic Orthopedic
Counseling Center
SBI Orthopedic Counseling
Number: +91 76240 49344
ફ્રિ Consultation
ફ્રિ X-Ray
વધુ માહિતી માટે સંપર્ક કરો
અમીત પટેલ (82381 36190 / 75729 36190)
for
Knee Pain & Hip Pain
ઉપનિષદ કોમ્પ્લેક્ષ, શ્રધ્ધા હીરો શોરૂમની ઉપર, શ્રેયસ ફલાય ઓવરબ્રિજની નીચે,
માણેકબાગ, આંબાવાડી, અમદાવાદ(૩૮૦૦૧૫)

## મંથલી મિટીંગ-અમદાવાદ





એસબીઆઈ પેન્શનર્સ એસોસીએશન-અમદાવાદ દ્વારા **તા. ૧૬-૦૪-૨૦૨૫**ના રોજ એસબીઆઈ એડમીન ઓફિસ, લાલ દરવાજા ખાતે મંથલી મિટીંગનું આયોજન કરવામાં આવ્યું. આ મિટીંગમાં **"સેલ્બી મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પિટલ"**-અમદાવાદના **ડોક્ટર નતાશા લાલવાણી** (હેડ એન્ડ નેક્સ કેન્સર સર્જન) તથા **ડોક્ટર જીમી પટેલ** (એમ.એસ.ઈએનટી) ઉપસ્થિત રહ્યાં હતા. એસબીઆઈપીએ અમદાવાદ સર્કલના પ્રમુખ, જનરલ સેક્રેટરી તથા અન્ય હોદ્દેદારો સાથે મોટી સંખ્યામાં પેન્શનર્સ મિત્રો ઉપસ્થિત રહ્યાં હતા. ડો. નતાશા લાલવાણીએ ગળા તેમજ અન્ય કેન્સર કેવી રીતે થાય છે અને તેમાં શું કાળજી લઈ શકાય તેની વિગતવાર માહિતી આપી હતી, ઉપરાંત ડો. જીમી પટેલે નાક, કાન, ગળાના રોગો અને તેના ઉપચારો વિશે માહિતી રજુ કરી હતી. બંને ડોક્ટરોએ પેન્શનરોના પ્રશ્નોના સુંદર જવાબ રજૂ કર્યા હતા.

## મંથલી મિટીંગ-ભાવનગર





એસબીઆઈ પેન્શનર્સ એસોસીએશન-ભાવનગર યુનિટની મંથલી મિટીંગ તા. ૦૩-૦૫-૨૦૨૫ના રોજ એસબીઆઈ-એડમિન ઓફિસ, નિલમબાગ, સ્ટાફ કેન્ટીન ખાતે યોજાઈ. મોટી સંખ્યામાં પેન્શનર્સ મિત્રો ઉપસ્થિત રહ્યાં હતા. એસબીઆઈપીએના ભાવનગર મોડ્યુલના ડીજીએસ શ્રી ભરત ભટ્ટ દ્વારા ઉપસ્થિત તમામ સભ્યોનું સ્વાગત કરવામાં આવ્યું હતું. આ મિટીંગમાં કમિટી સદસ્ય (અમરેલીના) શ્રી પટોલીયાભાઈ ખાસ ઉપસ્થિત રહ્યાં હતા અને પ્રાસંગિક પ્રવચન કર્યું હતું. અનેક યાત્રાઓ કરેલ સભ્ય શ્રી શૈલેષ ભટ્ટે પોતાના અનેક સંસ્મરણો રજુ કર્યા હતા. મિટીંગનું સંચાલન શ્રી ભરત વિઠ્ઠલપુરાએ કરેલ. અંતમાં શ્રી અબ્દુલ ગફાર ચૌહાણે સૌનો આભાર વ્યક્ત કર્યો હતો.


Aashu Dental
& Multispeciality Clinic
DR. MANISH B. SHAH
(M.D.S. & EX.PROF., HEAD)
DR. JOLLY M. SHAH
(B.D.S.)
WE LOVE
TO SEE YOU
SMILE
30 YEARS
OF EXPERTISE
NABH
EMPANELLED WITH : CGHS, ECHS, IIMA, FCI
PRL, ISRO, ONGC, ESIC, WESTERN RAILWAY
Latest Technologies Available
1
1st time
in Gujarat
OPG with CBCT
T2 Machine
(Dental Scan)
FREE DENTAL SCAN*
2 Intraoral Scanner
In-house ALIGNERS Available
NAVRANGPURA : Dr. K.K. Shah's Bunglow,
Behind Navrangpura Post Office,
Navrangpura, Ahmedabad - 380009.
MONDAY TO SATURDAY : 09:00 AM - 07:00 PM
SHELA : B/304, Sky City Arcade, O7 Club Road,
Shela, Ahmedabad.
Morning : 10:00 am - 01:00 pm | Evening : 05:00 pm - 08:00 pm
For more details call on +91 98251 58578

## મંથલી મિટીંગ-ભાવનગર






એસબીઆઈ પેન્શનર્સ એસોસીએશન-ભાવનગર દ્વારા **તા. ૦૫-૦૪-૨૦૨૫**ના રોજ એસબીઆઈ એડમીન ઓફિસ, ભાવનગર ખાતે ડીજીએસ શ્રી ભરતભાઈ ભટ્ટના માર્ગદર્શન હેઠળ મંથલી મિટીંગ યોજાઈ. આ મિટીંગમાં આનંદ રાઠીના પ્રતિનિધિ શ્રી પાર્થ પંડ્યા ઉપસ્થિત રહ્યાં હતા. ઉપરાંત દરેક મિટીંગમાં અને જ્યારે જ્યારે જરૂર પડે ત્યારે અવિરત સેવા આપનાર આપણાં સાથી મિત્રો સર્વશ્રી બલભદ્ર ઓઝા, ગિરીશ વાંકાણી, રાજ્યગુરુભાઈ તેમની અનન્ય સેવા માટે મોમેન્ટો દ્વારા તેમનું સન્માન કરવામાં આવ્યું. આનંદ રાઠીના પ્રતિનિધિશ્રી પાર્થ પંડ્યા દ્વારા મેડીકલ ક્લેઈમ સબમીટ કરવા માટે અગત્યનું અને મહત્વનું માર્ગદર્શન આપેલ. ઉપરાંત શ્રી પાર્થ પંડ્યા સાથે સભ્યોના ઘણાં પ્રશ્નોની ચર્ચા કરવા માટે એક વિશિષ્ટ મિટીંગનું આયોજન પણ કરવામાં આવેલ, જેમાં શ્રી દુશેજાભાઈ દ્વારા ખૂબ જ ખંતપૂર્વક અને ચીવટપૂર્વક સભ્યોના પ્રશ્નોને બારીકાઈથી તેમની સાથે ચર્ચા કરી તેનું નિરાકરણ લાવવા માટે રજુઆત કરી હતી. જેને લીધે હાલ અમાન્ય અને અસ્વીકૃત થયેલા મેડીકલ બીલના ૬૭% જેવા ક્લેઈમને સ્વીકૃત કરવા માટે પરત લેવડાવ્યા હતા. ઉપરાંત અત્યાર સુધીમાં જેટલા ક્લેઈમ રીજેક્ટ કરવામાં આવ્યા તેની વિગત આપવા માટે ભાવનગર સ્થિત પ્રતિનિધિને કહેવામાં આવ્યું. આ મિટીંગમાં નિરંતર પ્રવાસી એવા શ્રી આર. બી. ભટ્ટ દ્વારા સમગ્ર ભારત દેશમાં કરવામાં આવેલા ૩૪ જેટલા પ્રવાસોની સંક્ષિપ્ત માહિતી તથા પ્રેરણારૂપ વક્તવ્ય આપ્યું. આ મંથલી મીટીંગનું સુંદર સંચાલન સર્વશ્રી ભરત વિઠ્ઠલપુરા તથા દુશેજાભાઈ દ્વારા કરવામાં આવ્યું. આનંદ અને ઉલ્લાસ વચ્ચે મિટીંગ સંપન્ન થઈ.

## રક્તદાન શિબિર



સ્ટેટ બેંકના પરિવાર-આણંદ દ્વારા સતત સાત વર્ષથી માર્ચ-એપ્રિલ મહિનામાં રેડક્રોસ સોસાયટીના સહયોગથી રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવેલ. તેમાં સ્ટેટ બેંકના કર્મચારી, પેન્શનર્સ પરિવારજનો દ્વારા આ સેવા યજ્ઞમાં ૪૩ યુનિટ રક્તદાન કરેલ. આ સેવા યજ્ઞમાં સંસ્થાના મંત્રી, પ્રમુખ, પ્રોગ્રામ ચેરમેન, એસબીઆઈપીએના કમિટી સદસ્ય શ્રી વિજયભાઈ માવાણી તેમજ સેવાભાવી કારોબારી સભ્યોના સહયોગથી રક્તદાન શિબિરને સફળતા સાંપડી. આ રક્તદાન શિબિરમાં શ્રી નાસીરભાઈ ખલીફાએ ૧૦૧મી વખત રક્તદાન કરેલ છે. સ્ટેટ બેંક સ્ટાફ પરિવાર ગૌરવની લાગણી અનુભવી તેમનું સન્માન કરી અભિનંદન પાઠવેલ.

## એસબીઆઈપીએ-રાજકોટ યુનિટ દ્વારા લેબર ડેની ઉજવણી કરવામાં આવી





એસબીઆઈ પેન્શનર્સ એસોસીએશન-રાજકોટ યુનિટ દ્વારા ૧લી મે આંતરરાષ્ટ્રીય લેબર ડે નિમિત્તે પાંચ દાયકાથી વધુ સમયથી ટ્રેડ યુનિયન પ્રવૃત્તિમાં કાર્યરત શહેરના બે પીઢ વરિષ્ઠ ટ્રેડ યુનિયન લીડર ગુજરાત બેંક વર્કસ યુનિયનના જનરલ સેક્રેટરી કોમરેડ શ્રી કિરીટભાઈ અંતાણી અને સૌરાષ્ટ્ર મજુર મહાજન સંઘના અગ્રણી શ્રી દિલીપભાઈ ઠાકરના નિવાસ સ્થાને જઈને એસબીઆઈ એમ્પ્લોઈઝ યુનિયનના નિવૃત્ત અગ્રણી શ્રી મનુભાઈ કનેરીયા, એસબીઆઈપીએના ડીજીએસ શ્રી શરદભાઈ દવે, શ્રી અનુપમભાઈ દોશી, સ્ટેટ બેંકના નિવૃત્ત એજીએમ શ્રી બિપીનભાઈ સંઘવી અને શ્રી ધીરેનભાઈ માંકડના હસ્તે લાગણીસભર અભિવાદન કરવામાં આવેલ.


Eye-care® Hospital
ફ્રી
આંખની
તપાસ
SBI, eSBI ના પેન્શનર્સ તથા
તેમના કુટુંબીજનો માટે
(અદ્યતન સાધનો દ્વારા આંખની સોનોગ્રાફી સહીત)
PATIENT SAFETY & QUALITY OF CARE
NABH
PRE ACCREDITED
• Cataract
• Cornea
• Lasik
• Retina
• Glaucoma
• Oculoplasty
આઈ-કેર હોસ્પિટલના નિષ્ણાંત સર્જન
ડૉ. શશાંક રાઠોડ
ડૉ. આંશી રાઠોડ
સમય: સવારે 9:00 થી 12:00,
બપોરે 3:00 થી સાંજે 6:00 વાગ્યા સુધી
Eye-care® Hospital
પોલીટેકનીક રોડ,
કેતવ પેટ્રોલ પંપની પાછળ,
અમદાવાદ- ૩૮૦૦૧૫
૯૮૨૪૦૮૬૬૧૧
૦૭૯–૨૬૪૪૬૧૩૩
www.eyecarehospital.org
www.eyecarelasikcentre.com



# ઓપરેશન સિંદૂરની સફળતાને સલામ...

**જયહિંદની સેનાને સલામ... આતંકીઓનો કચ્ચરઘાણ...**

**ભારતીય સેનાની અપૂર્વ સિદ્ધિ... રાષ્ટ્રીય ગૌરવની સાર્થક ક્ષણ...**



લેફ્ટનન્ટ કર્નલ સોફિયા કુરેશી

વીંગ કમાન્ડર વ્યોમિકા સિંહ

પાકિસ્તાન સમર્થીત આતંકીઓએ જમ્મુ-કાશ્મીરના પહેલગામમાં તા. ૨૨મી એપ્રિલે ૨૬ પર્યટકોની હત્યા કરતાં આખા દેશમાં ભારે આક્રોશ હતો અને પાકિસ્તાનને ખતમ કરીને બદલો લેવાની લોકોમાં માંગ થઈ રહી હતી. દેશવાસીઓની માંગણી પૂરી કરતાં ભારતીય સૈન્યએ પાકિસ્તાનની સરહદ ઓળંગ્યા વિના જે તા. ૬-૦૫-૨૦૨૫ને મંગળવારે રાત્રે ૧.૦૦ કલાકે 'ઓપરેશન સિંદૂર' હેઠળ પાકિસ્તાન અને POKમાં આતંકવાદીઓની ટેરર ફેક્ટરી એવા લશ્કર-એ-તોઈબા અને જૈસ-એ-મોહમ્મદના નવ સ્થળો ઉપર માત્ર ૨૫ જ મિનિટમાં ૨૪ મિશાઈલ હુમલાઓ કરીને ૯૦ થી વધુ આતંકીઓને ઠાર કરી દીધા હતા. આ સાથે ભારતીય સૈન્યએ માત્ર પહેલગામ આતંકી હુમલો જ નહીં, વર્ષ ૨૦૦૧માં સંસદ હુમલાથી પુલવામાં સુધીના બધાં જ આતંકી હુમલાઓનો બદલો લઈ લીધો. આમ ભારતીય સૈન્યએ પાકિસ્તાનમાં ત્રાસવાદી અડ્ડાઓનો સફાયો કરીને વિશ્વને પોતાની તાકાતના દર્શન કરાવ્યા. પહેલગામના આતંકી હુમલામાં વિરગતિ પામેલાઓને સાચી શ્રદ્ધાંજલિ આપી. સૌથી પહેલાં તો 'ઓપરેશન સિંદૂર' નામ માટે ભારતીય ફોજને ધન્યવાદ આપવા ઘટે. આ નામમાં કરોડો ભારતીયોનો આક્રોશ ધબકે છે. 'ઓપરેશન સિંદુર' હેઠળ પાકિસ્તાનમાં ૧૦૦ કિલોમીટર સુધી હુમલા કર્યા. ભારતીય સૈન્યના મિશનમાં બે મહિલા અધિકારીઓ **લેફ્ટનન્ટ કર્નલ સોફિયા, વીંગ કમાન્ડર વ્યોમિકા સિંહે** 'ઓપરેશન સિંદૂર' હેઠળ થયેલ સૈન્યની કાર્યવાહીની અંગે વિસ્તૃત માહિતી પૂરી પાડી હતી. 'ઓપરેશન સિંદૂર' હેઠળ પાકિસ્તાનમાં થયેલ હુમલાનું સંચાલન કરનાર બંને બાહોશ મહિલાઓને હાર્દિક અભિનંદન અને લાલ સલામ. સર્વે ભારતીયો માટે આ એક રાષ્ટ્રીય ગૌરવની સાર્થક ક્ષણ બની. ભારતે દુનિયાને સિંદુરની શક્તિ બતાવી.

## ગુજરાતનું ગૌરવ બન્યુ રાષ્ટ્રનું ગૌરવ : લેફ્ટનન્ટ કર્નલ સોફિયા કુરેશી

ભારતના 'ઓપરેશન સિંદૂર' અંતર્ગત સૈન્યની કાર્યવાહીમાં મહત્વની ભૂમિકા ભજવનાર **વડોદરાની લેફ્ટનન્ટ કર્નલ સોફિયા કુરેશી** તરફ આખા દેશનું ધ્યાન ખેંચાયું. તેમના પરિવારની ત્રીજી પેઢી સેનામાં જ છે. તેમના પરિવારનું રાષ્ટ્રહિત હૈયે વસેલું છે. તેમના પિતાના શબ્દો હતા કે, આપણે હિંદુ-મુસ્લિમ કરતાં ભારતીય પહેલાં છીએ એ યાદ રાખવું જોઈએ. મૂળે મધ્યપ્રદેશના ખજૂરાહોના અને વડોદરામાં કાયમી સ્થાયી થયેલા શ્રી તાજમોમ્મદ કુરેશીની પુત્રી કર્નલ સોફિયાએ M.S. યુનિવર્સિટીમાં M.Sc. કર્યા બાદ ભારતીય સેનામાં જોડાયા. તેઓ હાલમાં સેનાની સિગ્નલ કોપ્સમાં ફરજ બજાવી રહ્યાં છે. તેમના પતિ તાદુદ્દીન કુરેશી પણ ભારતીય સેનામાં મેજર છે. આ તબક્કે ગુજરાતની દિકરી લેફ્ટનન્ટ કર્નલ સોફિયા કુરેશીને તેમના બહાદુરીપૂર્વક અને હિંમતપૂર્વકના કાર્ય 'ઓપરેશન સિંદૂર' સફળતા માટે સપ્તરંગી સલામ પાઠવીએ છીએ. એસબીઆઇ પેન્શનર્સ એસોસીએશન લેફ્ટનન્ટ કર્નલ સોફિયા કુરેશને ગુજરાતનું નામ વિશ્વલેવલે ગૌરવવંતુ કરવા બદલ હાર્દિક અભિનંદન પાઠવે છે.



## FELICITATION

A heartwarming felicitation ceremony was organized at the residence of Shri P.S. Suthar, former Branch Manager of SBI Shah-Alam Gate Branch. The event marked the 51st anniversary of the branch's inauguration on April 19th, 1974. Four staff members, Sarve Shri. Siddharth Pathak, P. B. Shah, Jitendra M. Patel, and N. P. Ahuja paid their respects to Shri Suthar sir, who is now 90 years young. We presented him with a shawl, silver lagdi coins (10gms), a bouquet, and photographs of the branch's inauguration day. An appreciation letter signed by the staff members was also presented. Shri Suthar sir's two sons were present, and we spent three enjoyable hours reminiscing about old times over tea, samosas, and ice cream. The event was a wonderful opportunity to reconnect with our past and cherish the memories of 51 years ago.







વટ, અક્કડ અને અભિમાન એક માનસિક બીમારી છે, તેનો ઈલાજ સમય કે કુદરતની ઠોકરથી જ થાય છે.

# ફેડરેશન ઓફ એસબીઆઈ પેન્શનર્સ એસોસીએશનની મિટીંગ દેશના તમામ સર્કલોના મહામંત્રીઓ સાથે કલક્તા ખાતે યોજાઈ











સૌ પ્રથમ વાર તા. ૦૬-૦૫-૨૦૨૫ને મંગળવારના રોજ ફેડરેશન ઓફ એસબીઆઈ પેન્શનર્સ એસોસીએશનની દેશના તમામ સર્કલોના મહામંત્રીઓની સાથે SBLD, સોલ્ટ લેક, કલક્તા ખાતે યોજાઈ. આ મિટીંગ ફેડરેશનના **પ્રેસીડેન્ટ શ્રી જી. કે. ગાંધી, જનરલ સેક્રેટરી શ્રી દિપક બાસુ**ની અધ્યક્ષતામાં યોજાઈ. આપણા સર્કલના જનરલ સેક્રેટરી અને ફેડરેશનના **સિનિયર વાઈસ પ્રેસીડેન્ટ શ્રી કમાલ કાદરી** મિટીંગમાં ઉપરસ્થિત રહ્યાં હતા. આ મિટીંગમાં ફેડરેશનની આગામી એજીએમ અને ગવર્નીંગ બોડીની મિટીંગ રાયપુર, છત્તીસગઢ ખાતે ઓગષ્ટ-૨૦૨૫માં યોજવાનું નક્કી કરવામાં આવ્યું. વધુમાં ફેડરેશનના બાયલોઝ (બંધારણ) સુધારા જે દિલ્હી ખાતે પેન્ડીંગ છે તે તાત્કાલિક દુરસ્ત કરાવવા તથા વર્તમાન પરિસ્થિતિને અનુરૂપ બંધારણમાં યોગ્ય ફેરફારો માટે વિચારણા કરવામાં આવેલ અને બંધારણમાં કરેલ સુધારા તાત્કાલિક દિલ્હી ખાતે રજુ કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવેલ. આપણાં જનરલ સેક્રેટરી શ્રી કમાલ કાદરીએ મિટીંગમાં થયેલ ચર્ચામાં મહત્વની ભૂમિકા અદા કરી હતી. આ મિટીંગમાં **એસબીઆઈ કલક્તા સર્કલના સીજીએમ શ્રી સત્યેન્દ્રકુમાર સિંઘ** કે જેમને તાજેતરમાં ડેપ્યુટી મેનેજીંગ ડીરેક્ટર તરીકે પ્રમોશન મળેલ છે તેમની સાથે સીડીઓ, એજીએમ (પીપીજી), એજીએમ SBLD ઉપસ્થિત રહ્યાં હતા. સીજીએમ દ્વારા તા. ૦૬-૦૫-૨૦૨૫ના રોજ ફેડરેશન ઓફ એસબીઆઈ પેન્શનર્સ એસોસીએશન માટે લંચનું આયોજન કરવામાં આવેલ.

# નડિયાદ ખાતે યોજાઈ પેન્શનર્સ મીટ





પૂજ્ય સંતરામ મહારાજની પૂણ્યભૂમિ-નડિયાદ ખાતે તા. ૧૫-૦૫-૨૦૨૫ના રોજ નડિયાદ, આરબીઓના એજીએમ શ્રી ચંદ્ર ફારીશ્વર દેવના અધ્યક્ષપદે યોજાઈ. આ મિટીંગમાં એસબીઆઈપીએના પ્રમુખ શ્રી આર.એન.ચોક્સી, જનરલ સેક્રેટરી શ્રી કમાલ કાદરી, વાઈસ પ્રેસિડેન્ટશ્રી સુભાષ પટેલ, જોઈન્ટ જનરલ સેક્રેટરી સર્વશ્રી રમણ વાઘેલા, કાન્તીલાલ પરમાર, ડીજીએમ-ગાંધીનગર મોડ્યુલના શ્રી વસ્તાભાઈ વણકર, ડીજીએસ વડોદરા મોડ્યુલ-શ્રી સુધીરભાઈ જાની, કમિટી સદસ્યોમાં અમદાવાદના શ્રી ત્યાગરાજન, ભરૂચના શ્રી જોરસંગભાઈ, આણંદના શ્રી વિજયભાઈ માવાણી, વડોદરાથી શ્રી પ્રકાશભાઈ મંગલાની ઉપરાંત નડિયાદ શાખા ચિફ મેનેજર, એક્સ એજીએમ (એચઆર) શ્રી ડી. એમ. શાહ સાથે આ મિટીંગનું આયોજન કરનાર શ્રી પ્રવિણભાઈ વૈદ્ય અને તેમની ટીમ ઉપરાંત ખેડા જિલ્લાના પેન્શનરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા.

મિટીંગની શરૂઆતમાં પ્રભુને અંતરમનથી યાદ કરતી પ્રાર્થના તેમજ દીપ પ્રાગટ્ય દ્વારા કરવામાં આવી. પહેલગામના આતંકી હુમલામાં વીરગતીને પ્રાપ્ત કરનાર શહીદોને ભાવભરી શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી. નડિયાદના કમિટી સદસ્ય શ્રી પ્રવિણભાઈ વૈદ્ય દ્વારા પધારેલા મહેમાનોનું શબ્દોથી સ્વાગત કરવામાં આવ્યું. કાર્યક્રમના મુખ્ય મહેમાન આરબીઓ-નડિયાદના એજીએમશ્રી ચંદ્ર ફારીશ્વર દેવે તેમના સંબોધનમાં જણાવ્યું કે આ અસહ્ય ગરમીની પરવા કર્યા વગર મોટી સંખ્યામાં ભાઈઓ-બહેનો આ મિટીંગમાં પધાર્યા છે ત્યારે તેમને દીલથી આવકારૂં છું અને આજના કાર્યક્રમના સફળ આયોજન માટે શ્રી પ્રવિભાઈ અને તેમની ટીમને બિરદાવું છું. તેમજ આવી મિટીંગમાં બોલાવવા બદલ અભાર વ્યક્ત કર્યો. સાથે માતૃસંસ્થાની વર્તમાન પરિસ્થિતિની તેમજ બિઝનેસની જરૂરિયાતને વર્ણવીને ઉપસ્થિત પેન્શનરોનો સહયોગ માંગ્યો હતો. ખાસ કરીને ફીક્સ ડીપોઝીટ અને કાંસા ડિપોઝીટમાં બેંકને ખાસ જરૂરિયાત હોઈ તેમાં મદદ કરવા અપીલ કરી હતી. તેમની અપીલમાં નડિયાદ શાખા ચીફ મેનેજરશ્રીએ હકારાત્મક ટેકો આપ્યો હતો. ઉપરાંત મંચસ્થ મહાનુભાવોએ પ્રાસંગિક પ્રવચનો કર્યા હતા. તેમાં એસબીઆઈપીએના પ્રમુખશ્રી આર. એન. ચોક્સીએ તેમના સંબોધનમાં એસબીઆઈપીએની ટીમના બે વર્ષ ઉપરાંતના સમયના કાર્યોની વાત કરી. સાથે સાથે પેન્શનરોની એસબીઆઈપીએમાં અતૂટ શ્રદ્ધાં છે તેમ જણાવી એકબીજાને સાથે રાખવાની ભાવનાની પ્રતિતિ થાય છે. અમારી ટીમ દ્વારા પેન્શનરોના પ્રશ્નોની તેમજ મુશ્કેલીઓને સાંભળવાની શ્રવણશક્તિ કેળવેલ છે. આપ સૌનો સંગઠનમાં વિશ્વાસ અને સહયોગના કારણે મેનેજમેન્ટ તરફથી અમને આદર અને સન્માન મળે છે. તેના હક્કદાર આપ સૌ છો. ૫૦ વર્ષનું લગ્નજીવન તેમજ ૭૦ વર્ષની વય પૂર્ણ કરનાર તમામને શુભકામનાઓ પાઠવી હતી.






ત્યારબાદ લગ્નજીવનના ૫૦ વર્ષ પૂર્ણ કરનાર ૯ દંપત્તિઓ તેમજ ૭૦ વર્ષની વય પૂર્ણ કરનાર ૨૭ પેન્શનર્સ મિત્રોનું કાર્યક્રમના મુખ્ય મહેમાન એજીએમશ્રી ચંદ્ર ફારીશ્વર દેવ તેમજ મંચસ્થ મહાનુભાવો દ્વારા ક્રમ પ્રમાણે મોમેન્ટો અને શાલ અર્પણ કરી સન્માન કરવામાં આવ્યું. એસબીઆઈપીએના જનરલ સેક્રેટરી શ્રી કમાલ કાદરીજીએ પણ પોતાના વક્તવ્યમાં સૌ પ્રથમ શ્રી

પ્રવિણભાઈની ટીમને ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતા. સાથે અમદાવાદ ખાતે તા. ૨૨-૦૩-૨૦૨૫ના રોજ યોજાયેલ સર્કલ પેન્શનર્સ મીટની જવલંત સફળતાની વાત કરી. સાથે ઉપસ્થિત સર્કલ મેનેજમેન્ટ અને સીજીએમ શ્રી હેમંત કરોલિયાજી દ્વારા વિશાળ પેન્શનરોની હાજરીથી મંત્રમુગ્ધ થયા હતા અને ૧૮૦૦૦ યંગ પેન્શનરોની ટીમ પાસેથી તેમની અપેક્ષાઓની વાત કરી. બેંકને ડિપોઝીટ માટે ઉપસ્થિત પેન્શનરોને જણાવ્યું હતું. વધુમાં શ્રી કમાલ કાદરીજીએ મેડીકલ 'બી' પોલિસીની જરૂરિયાત અને તેના ફાયદા વિશે વિસ્તૃત માહિતી આપી હતી. પેન્શનરોના પેન્ડીંગ પ્રશ્નો અંગે અપડેટ કર્યા હતા. ખાસ કરીને પેન્શન અપડેશન અને ૪૦% થી ૫૦%માં એરીયર્સ બાબતે વાત કરી હતી. લાઈફ સર્ટીફીકેટ તેમજ ડીસેબલ્ડ ચાઈલ્ડ અંગેની કામગીરીથી માહિતગાર કર્યા હતા. ફેડરેશન અને અન્ય લીડરો પેન્ડીંગ પ્રશ્નો બાબતે મહેનત કરી રહ્યાં છે તેમ જણાવ્યું હતું. ખેડા જિલ્લામાં પેન્શનર્સ એસો.ના સભ્ય થવામાં બાકી હોય તો સત્વરે સભ્ય થઈ જવા અપીલ કરી હતી.

કાર્યક્રમના અંતમાં શ્રી રાજેશ એન. દેસાઈ એ આભાર વ્યક્ત કર્યો હતો.

## ૯૦ વર્ષ ઉપરની વયના વડીલોનું સન્માન



એસબીઆઈપીએના રાજકોટ મોડ્યુલના ૯૦ વર્ષની ઉંમર વટાવી ચૂકેલા વડીલોના નિવાસ સ્થાને જઈને રાજકોટ મોડ્યુલના ડીજીએસ શ્રી શરદચંદ્ર દવેના નેતૃત્વમાં તથા કમિટી મેમ્બર્સ સર્વશ્રી શિરીષ કચ્છી, દક્ષિણ જોશી અને શ્રી અનુપમભાઈ દોશીની ઉપસ્થિતિમાં સન્માન કરવામાં આવ્યું.

**જામનગર :** જામનગર પરિવારના વડીલોમાં શ્રી અનિરૂદ્ધભાઈ માંકડ, શ્રી ઈશ્વરભાઈ પુરોહિત, શ્રી ચંદુભાઈ રાધનપુરા.

**પોરબંદર :** શ્રી જેશંકર એમ. જોશી (હાલ રહેવાસી રાજકોટ)

**રાજકોટ :** શ્રી અશ્વિન બી. વ્હોરા, શ્રી શાંતિલાલ વેકરીયા, શ્રી હિંમતલાલ પારેખ, શ્રી છોટુંભાઈ ગાંધી, શ્રી ઉમાકાંન્ત આહ્યા.



## અભિનંદન સાથે આભાર...

એસબીઆઈપીએના અમદાવાદ પરિવારના સભ્ય, સતત સેવાની પ્રવૃત્તિ સાથે જોડાયેલ **શ્રી હસમુખરાય વસંતરાય શાહ** કે જેઓ બેંકમાં તા. ૦૨-૦૮-૧૯૬૫માં જોડાયેલ અને છેલ્લે આઈબીડી-એલએચઓ, અમદાવાદ ખાતે હેડ ક્લાર્ક તરીકે કાર્યરત હતા અને ૨૦૦૧માં વીઆરએસ સ્કિમ હેઠળ નિવૃત્ત થયેલ છે. પેન્શનર્સ એસોસીએશનની પ્રવૃત્તિથી પ્રભાવિત થઈ એસબીઆઈપીએ-અમદાવાદને તેમના જન્મદિવસની ખુશી રૂપે **રૂા. ૨૫૦૦૦/-નું ડોનેશન તા. ૧૦-૦૫-૨૦૨૫**ના રોજ વાઈસ પ્રેસિડેન્ટ શ્રી પી. જી. પારઘીને ઘેર આમંત્રિત કરી ચેક સુપ્રત કરેલ છે. પેન્શનર્સ પરિવાર માટે પ્રેરણારૂપ કાર્ય કરેલ છે. SBIPA તેમના તંદુરસ્ત અને દિર્ઘાયુષ્ય માટે પ્રભુને પ્રાર્થના કરે છે અને તેમના યોગદાનને સહર્ષ સ્વીકારી દિલથી આભાર વ્યક્ત કરે છે.

એસબીઆઈપીએના રાજકોટ પરિવારના સભ્ય, ઉદ્યોગપતિ અને રાજકોટ રઘુવંશી સમાજના પ્રમુખ **શ્રી યોગેશભાઈ જસાણી** પેન્શનર્સ એસોસીએશનની પ્રવૃત્તિથી પ્રભાવિત થઈ એસબીઆઈપીએ-અમદાવાદને **રૂા. ૫૦૦૧/-નું ડોનેશન** રાજકોટ ઓફિસને રૂા. ૫૦૦/-ની એક એવી **સેલો કંપનીની ૧૦ ખુરશીઓ ભેટ** આપતાં આપણી પણ ખુશી મોગરાની સુગંધ માફક મહેંકી ઉઠી. એસબીઆઈ પેન્શનર્સ એસોસીએશન શ્રી યોગેશભાઈ જસાણીને ખૂબ ખૂબ અભિનંદન સાથે અભાર વ્યક્ત કરે છે.



## તમામ પ્રકારની 'પ્લાસ્ટીક સર્જરી' માટેની શ્રેષ્ઠ હોસ્પિટલ

CUTIS HOSPITAL




**ડાયાબિટીક ફૂટના દર્દીમાં "ઈન્ટરનલ ઓફ-લોડીંગ" પ્લાસ્ટીક સર્જરીનું પરિણામ**

ડાયાબિટીસના દર્દીને પગના તળિયાના ચાંદામાં રૂઝ ન આવતી હોય ત્યારે તેની યોગ્ય તપાસ કરીને ચાંદુ જે જગ્યાએ પડ્યું હોય, તેનાથી અલગ જગ્યાએ પ્લાસ્ટીક સર્જરી કરવામાં આવે છે.

'ઈન્ટરનલ ઓફ-લોડીંગ' તરીકે ઓળખાતી આવી વિશિષ્ટ પ્લાસ્ટીક સર્જરી દ્વારા પગના ચાંદામાં કાયમી રૂઝ લાવી શકાય છે અને દર્દીનો પગ બચાવી શકાય છે.

### SBI પેન્શનર્સ માટે કન્સલ્ટીંગ ચાર્જમાં ડિસ્કાઉન્ટ

ક્યુટીસ હોસ્પિટલ
સર્વોપરી મોલ, ભૂયંગદેવ ચાર રસ્તા, સોલા રોડ, અમદાવાદ-૬૧.
એપોઈન્ટમેન્ટ માટે : 079-2747 4055 / 97257 07526
વધુ માહિતી માટે : 97259 99526 / www.cutishospital.com

ડૉ. ચિંતન પટેલ
M.Ch., D.N.B.
(Gold Medalist - Plastic Surgeon)

# Get Interest Certificates easily

**No Queues, No Visits**-Customers can receive their Interest Certificates from Contact Centre, in their Registered Email-IDs.

- Home Loan Interest Certificate
- Education Loan Interest Certificate
- Deposit Interest Certificate

FAST SIMPLE HASSLE FREE

For Home loan/Education loan Interest Certificates, customers can call 18001234/18002100 and receive the same on Email ID registered with the Bank.

- Press 3
- Press 4 for Home Loan Interest Certificate (or)
- Press 5 for Education Loan Interest Certificate
- Enter Last 4 digits of Home Loan/Educational Loan account number if asked for

For Deposit Interest Certificates, customers can call 18001234/18002100 and receive the same on Email ID registered with the Bank

- Press 3
- Press 3 again for Deposit Interest Certificate
- Enter Last 4 digits of Deposit account number if asked for

*With Best Compliments*

*from*

*Dr. Manjit Sing Bhalla*

**Dental Surgeon (B.D.S.)**

to

**SBI PENSIONER'S ASSOCIATION, AHMEDABAD CIRCLE**

**Bhalla Dental Clinic and Implant Centre**

2nd Floor Galaxy Mall,
Nehrunagar Char Rasta,Satellite Road,
Ahmedabad-380 015 Gujarat. INDIA

**E-mail :** msbhalla@drbhalla.com
**Tel. Clinic:**+91 79 26730407, 9033050240
**Resi. :** 91+91 79 26852946, 26852744

**(M) +91 9824193935 • Timings : 9.00 am 1.00 pm & 5.30 pm to 9.30 pm**

**Note : Free Consultation for All SBI Pensioners**

## મિત્રો... ડોનેશન / લેવી માટે સ્નેહસભર યાદ...
## જમા કરાવવાનું જો બાકી હોય તો હમણાં જ જમા કરાવશો

**મિત્રો આપ સૌ સારી રીતે જાણો છો કે આપણા પેન્શનર્સ મિત્રોને પેન્શન વધારા પેટે બે પ્રકારે ફાયદા થયેલ છે અને આ બાબતે કાયદાકીય ખર્ચને પહોંચી વળવા ઉપરાંત ભવિષ્યની કોર્ટ કાર્યવાહીને ધ્યાને રાખી, એસબીઆઈ પેન્શનર્સ ફેડરેશનને મોકલવાના થતાં ફાળાને લક્ષમાં લઈ નીચે જણાવેલ રકમ પેન્શનર્સ એસોસિએશનને 'ડોનેશન' પેટે મોકલી આપવા વિનંતી કરી હતી. જે બાબતે નીચે મુજબ સ્પષ્ટતા કરવી જરૂરી જણાય છે.**

**ડોનેશન : ૧) "એક્ષગ્રેસીયા" દર મહિને આપના ખાતામાં જમા થાય છે જે પેન્શન સ્લીપમાં છેલ્લે દર્શાવેલ છે તે 'એક મહિના'નો વધારો પેન્શનર એસોસિએશનને આપવા વિનંતી કરેલ છે. ડોનેશન : ૨) ૪૦% થી ૫૦%ના વધારા બાબતે : આ વધારો માત્ર સ્કેલ-II અને ઉપરના સ્કેલના મિત્રોને જ મળવા પાત્ર છે. જે મિત્રોને રિટાયર્ડ થતી વખતે પેન્શન ચૂકવણી ઉપર લીમીટ હતી, જેના કારણે ૫૦% પેન્શન મળતું ન હતું તે આપણા મિત્રો અને ફેડરેશનની કાયદાકીય લડાઈથી ૧૦મી નવેમ્બર, ૨૦૨૩થી મળવાનું ચાલુ થઈ ગયેલ છે. ઉપરોક્ત કાયદાકીય લડાઈમાં આર્થિક ખર્ચ ઘણો જ થયેલ હોઈ જે ફેડરેશનને મોકલવાનો થતો હોઈ જે મિત્રોને ૪૦ થી ૫૦ ટકા પેન્શન વધારાનો લાભ મળેલ છે. તેમણે એક્ષગ્રેસીયાના એક માસના પેન્શનમાં થયેલ વધારા સાથે બંને મળી, કુલ રકમ જે થાય તે અથવા વધુમાં વધું રૂા. ૧૦,૦૦૦/- બે માંથી જે ઓછી રકમ હોય તે મોકલી આપવા આપને પેન્શનર્સ એસોસીએશને અપીલ કરેલ હતી. આ અંગે મિત્રોને વ્યક્તિગત પત્રો મોકલેલ છે તેમ છતાં જો કોઈને આ પત્ર ન મળ્યો હોય તો આ અપીલને ધ્યાને લઈ આપનું ડોનેશન જમા કરાવવા વિનંતી. ઘણાં મિત્રોમાં એવી ગેરસમજ પ્રવર્તે છે કે માત્ર એકગ્રેસિયાનું ડોનેશન આપવાનું છે. જેથી આ સ્પષ્ટતા કરવી જરૂરી લાગી છે. જે મિત્રો પેન્શનર્સ એશો.ના સભ્યો નથી તેઓએ પણ ડોનેશન આપી અને સભાસદ પણ થવા વિનંતી કરવામાં આવે છે. જે મિત્રોને ડોનેશન જમા કરાવવાનું બાકી હોય તેઓએ સત્વરે ઓનલાઈન જમા કરાવી અથવા ચેક દ્વારા મોકલી આપવા વિનંતી.આપણા એસોસિએશનનો ખાતા નંબર નીચે પ્રમાણે છે. ઓનલાઈન જમા કરાવતી વખતે આપનો પી.એફ. નંબર ખાસ લખવા વિનંતી કરવામાં આવે છે.**

**Name : SBI Pensioners Association** **Account No. : 30855862333**

**Branch Name: AHMEDABAD MAIN BRANCH, AHMEDABAD (00301)**

**Branch IFSC Code: SBIN0000301**

**PF No. :** __________ **Name :** ____________________________ **MOBILE No. :** __________________

## ઓનલાઈન દ્વારા જમા કરાવેલ લેવી/ડોનેશન બાબત

એસબીઆઈ પેન્શનર્સ પરિવારના સભ્યો દ્વારા અવિરત ડોનેશનનો પ્રવાહ ચાલુ છે. ઘણાં સભ્યો દ્વારા ઓનલાઈન, યુપીઆઈ દ્વારા પેન્શનર્સ એસોસીએશનના ખાતામાં ડોનેશનની રકમ જમા કરાવેલ છે ત્યારે તેમના દ્વારા પીએફ નંબર તેમજ મોબાઈલ નંબર ન જણાવવાને કારણે ડોનેશન કોણે જમા કરાવ્યું અને ડોનેશનની ચોક્કસ વિગત મળતી નથી. જેના કારણે જમા કરાવેલ ડોનેશનની રસીદ તેમને પહોંચાડી શકાતી નથી. **તા. ૩૦-૦૪-૨૦૨૫** સુધીમાં જેમણે લેવી/ડોનેશનની રકમ જમા કરાવેલ હોય અને તેમના નામ પેન્શનર્સ પ્રકાશમાં આવ્યા ન હોય તેવા તમામ સભ્યોએ તાત્કાલિક **પીએફ નંબર, મોબાઈલ નંબર, તારીખ, નામ અને રકમ** એસોસિએશનના વોટ્સ નંબર **Whatsapp No. 99982 65158** ઉપર અથવા **E-mail ID: gujpension@gmail.com** મોકલી આપવા વિનંતી. જેથી આ રકમ તેમના નામે જમા લઈ શકાય અને ડોનેશનની રસીદ તેમના સરનામે પહોંચતી કરી શકાય અને પેન્શનર્સ પ્રકાશમાં તેમના નામ છાપી શકાય. જેની નોંધ લેવા વિનંતી.

# LEVY / DONATION APRIL - 2025

જે મિત્રોએ તા. ૦૧-૦૪-૨૦૨૫થી ૩૦-૦૪-૨૦૨૫ સુધીમાં લેવી / ડોનેશન જમા કરાવેલ છે તેઓની યાદી નીચે પ્રમાણે પ્રસિદ્ધ કરેલ છે. જેઓએ તા. ૧-૦૫-૨૦૨૫ પછી લેવી કે ડોનેશન જમા કરાવેલ છે. તેઓના નામ જૂન માસના અંકમાં પ્રસિદ્ધ થશે. જેની નોંધ લેવા વિનંતી.

| DATE | PF NO. | NAME OF PENSIONER | RECT NO. | AMOUNT |
|---|---|---|---|---|
| | | **DONATION** | | |
| 15-APR-25 | 1724959 | JANAKKUMAR T NAIK | 28029 | 28351.00 |
| 29-APR-25 | 741183 | JYOTIBEN ARUNKUMAR JOSHI | 28055 | 10000.00 |
| 21-APR-25 | 8286078 | YOGESH PRABHUDAS JASANI | 28042 | 5001.00 |
| 11-APR-25 | 1707469 | SURESH NANDLAL SHAH | 28020 | 4000.00 |
| 29-APR-25 | 367125 | USHABEN S. PATHAK | 28052 | 2600.00 |
| 11-APR-25 | 1747800 | DINESHBHAI AMBALAL PATEL | 28022 | 2100.00 |
| 29-APR-25 | 705454 | SUDHABEN PARIMAL DESAI | 28053 | 2001.00 |
| 11-APR-25 | 738980 | HARESH VAIKUNTHLA SHELAT | 28021 | 1000.00 |
| 03-APR-25 | 5211468 | MAHESH JAYSUKHLAL PAREKH | 28003 | 501.00 |
| | | **LEVY** | | |
| 21-APR-25 | 709611 | SHANTILAL N. PATEL | 28044 | 11000.00 |
| 15-APR-25 | 1726242 | PRAVINKUMAR B. PATEL | 28047 | 10001.00 |
| 05-APR-25 | 2888793 | PRAVINCHANDRA V. SOLANKI | 28009 | 10000.00 |
| 16-APR-25 | 1719211 | NARENDRASINH N. YADAV | 28040 | 10000.00 |
| 18-APR-25 | 1717782 | SHOBHNA DILIP VYAS | 28049 | 10000.00 |
| 26-APR-25 | 706094 | MANHARLAL R. GHEEWALA | 28050 | 8200.00 |
| 02-APR-25 | 744301 | KANUBHAI PUNJABHAI PATEL | 28002 | 8000.00 |
| 11-APR-25 | 735620 | SUHAS R. JOSHI | 28023 | 8000.00 |
| 16-APR-25 | 731528 | GOPKUMAR R. NAIR | 28032 | 7000.00 |
| 07-APR-25 | 729469 | BHIKHABHAI H. BERAWALA | 28012 | 6101.00 |
| 17-APR-25 | 1702505 | ASHOKKUMAR R. DESAI | 28037 | 5100.00 |
| 07-APR-25 | 1713930 | MOTIRAM D. RAVAL | 28011 | 4300.00 |
| 05-APR-25 | 703966 | SHANUBHAI V. BARIA | 28008 | 4038.00 |
| 03-APR-25 | 8263728 | HARSHABEN BAKULESH BHATT | 28004 | 3000.00 |
| 16-APR-25 | 5190452 | ISHWARLAL R. RATHOD | 28048 | 3000.00 |
| 29-APR-25 | 8284822 | VADILAL MANGALDAS VALAND | 28056 | 2900.00 |
| 17-APR-25 | 1720325 | SUREKHA R. SHAH | 28034 | 2600.00 |
| 05-APR-25 | 5172829 | HARESHKUMAR D. RATHOD | 28007 | 2500.00 |
| 13-APR-25 | 5208750 | PUSKAR CHIMANLAL GOSANI | 28025 | 2500.00 |
| 17-APR-25 | 707341 | ROHIT JAMNADAS KHAMBHATI | 28035 | 2500.00 |
| 05-APR-25 | 5179602 | MAHENDRAKUMAR G. POPAT | 28006 | 2200.00 |
| 10-APR-25 | 8261296 | RUDRAKANT M TRIVEDI | 28018 | 2100.00 |
| 16-APR-25 | 5171296 | PRAVINCHANDRA K. SHAH | 28031 | 2100.00 |
| 02-APR-25 | 5214025 | VINODKUMAR L. SONI | 28001 | 1500.00 |
| 07-APR-25 | 1724096 | VANDANABEN MOTIRAM RAVAL | 28010 | 1400.00 |
| 13-APR-25 | 5181615 | DIPAKBHAI D. UNADKAT | 28024 | 1400.00 |
| 16-APR-25 | 1727354 | MUKESHKUMAR R. SHAH | 28030 | 1400.00 |
| 19-APR-25 | 5174058 | MAHENDRA M. SOLANKI | 28041 | 1320.00 |
| 17-APR-25 | 5220238 | MUKESH BACHUBHAI SARVIYA | 28038 | 1300.00 |
| 07-APR-25 | 2895021 | MUKESHCHANDRA D.DESAI | 28015 | 1101.00 |
| 13-APR-25 | 1729330 | JYOTSNABEN AVINASH GUPTE | 28026 | 1000.00 |
| 16-APR-25 | 1725521 | SATISHKUMAR H. THAKKAR | 28033 | 1000.00 |
| 17-APR-25 | 2906686 | RAJUBHAI NANUBHAI CHAVDA | 28039 | 1000.00 |
| 29-APR-25 | 2893231 | PIYUSHKUMAR I. CHAUHAN | 28054 | 1000.00 |
| 13-APR-25 | 1729330 | JYOTSNABEN AVINASH GUPTE | 28027 | 500.00 |

SBI

DENTAL CARE IMPLANT AND LASER CENTER

DR.DEVAL TRIVEDI

MDS PERODONTIST IMPLANTOLOGIST AND LASER SURGEON

ALL DENTAL TREATMENT AND FACILITES ARE AVAILABLE WITH ADVANCE TECHNOLOGY

Address:-9,ground floor,Primate Building,Opp.Mother Milk Palace, Judges bungalow road,bodakdev
Mobile no:- 9974367802
Clinc Timings:- Monday to Saturday 10:00 AM - 3:00 PM | 5:00 PM - 8:00 PM
*Sunday by appointments only. Email I'd:-drdevaltrivedi@gmail.com

NOTE:- FREE CONSULTATION FOR ALL SBI PENSIONERS
SPECIAL DISCOUNT ON ALL DENTAL TREAMENT FOR SBI PENSIONERS AND THIER FAMILY MEMBERS,AHMEDABAD



અમે
# સ્ટ્રોક
(બ્રેઈન એટેક)
**જેવી ઇમર્જન્સી માટે છીએ કાયમ તૈયાર**
યોગ્ય સમયે, યોગ્ય દેખભાળ શ્રેષ્ઠ પરિણામો આપે છે.

**નિષ્ણાતોની ટીમ**

**ન્યુરોલોજીસ્ટ**
ડૉ મુકેશ શર્મા • ડૉ કેવલ ચાંગડિયા

**પાર્કિન્સન, DBS અને મૂવમેન્ટ ડિસઓર્ડર્સ નિષ્ણાત**
ડૉ નરેન્દ્ર બારડ

**Marengo CIMS Hospital**

- અદ્યતન સાધનો, માર્ગદર્શિકા અને પ્રોટોકોલ સાથે એક સમર્પિત સ્ટ્રોક યુનિટ
- સ્ટ્રોક સ્પેશિયાલિસ્ટ, ઇન્ટરવેન્શનલ ન્યુરોલોજીસ્ટ અને ન્યુરોસર્જનની 24x7 ઉપલબ્ધતા
- 24x7 MRI અને CT સ્કેન •સ્ટ્રોક એમ્બ્યુલન્સ
- સમર્પિત ન્યુરો કેથ લેબ
- ન્યુરો ICU ઇન્ટેન્સિવિસ્ટ અને પ્રશિક્ષિત નર્સિંગ દ્વારા ત્વરિત સપોર્ટ
- ઇમરજન્સી રૂમમાં મૂલ્યાંકન અને સ્ટ્રોકની ચોક્કસ સમયમર્યાદામાં યોગ્ય સારવાર



# સ્પાઇન ક્લિનિક
**સ્પાઇન સર્જરીમાં**
શ્રેષ્ઠ પરિણામ માટે પ્રતિબદ્ધ
**મૈરિંગો સિમ્સ હોસ્પિટલ, અમદાવાદમાં**
અત્યાધુનિક સ્પાઇન સર્જરીઓ

**નિષ્ણાતોની ટીમ**

| | | |
|---|---|---|
| ડો વાય સી શાહ +91 98240 37137 | ડો ટીકેબી ગણપથી +91 98795 26241 | ડો તુષાર શાહ +91 98250 68960 |
| ડો પરિમલ ત્રિપાઠી +91 98250 73030 | ડો દેવેન ઝવેરી +91 98242 80706 | ડો સંદિપ એસ શાહ +91 98790 02557 |

| | | | |
|---|---|---|---|
| ડો જયુન એમ શાહ +91 77689 83539 | ડો ચિરાગ સોલંકી +91 74061 77409 | ડો દિપક બેટાઈ +91 94274 90782 | ડો કવચ પટેલ +91 97129 32107 |

- એક્સપર્ટ કન્સલ્ટેશન
- એક્સ-રે
- પેથોલોજી તપાસ CBC/RBS/TSH

~~રૂ. 5000/-~~ રૂ. 1900/-*
૩૧ જાન્યુઆરી, ૨૦૨૪ સુધી
**સ્પાઇનને લગતી તમામ સમસ્યાઓનું નિવારણ એક જ સ્થળે**

તમારા લીવરમાં **ચરબી** અને ફાઇબ્રોસિસ છે કે નહિ તે જાણવા આજે જ
# ફાઈબ્રો સ્કેન
કરાવો
ખાસ ડિસ્કાઉન્ટ દર
~~Rs.6000/-~~ **Rs. 2500/-**

**ફાઈબ્રોસ્કેન કેવી રીતે કામ કરે છે?**
ફાઈબ્રોસ્કેન એ એક સરળ, પીડારહિત, નોન-ઈન્વેસિવ પ્રોસિજર છે, જેનો ઉપયોગ લીવરના સ્વાસ્થ્યનું ચોક્કસ મૂલ્યાંકન કરવા માટે થાય છે.

**ફાઈબ્રોસ્કેન ક્યારે કરાવવું જોઈએ?**
- ફેટી લીવર રોગ • સિરોસિસ
- આલ્કોહોલિક લીવર રોગ
- ક્રોનિક હેપેટાઇટિસ B&C
- ઓબેસિટી • લીવરની અન્ય સમસ્યાઓ

**ફાઈબ્રોસ્કેન એ FDA દ્વારા માન્ય ઉપકરણ છે.**




**વધુ જાણકારી માટે સંપર્ક કરો : મિલન પ્રજાપતિ +91 99746 52120**

**મૈરિંગો સિમ્સ હૉસ્પિટલ**
ઑફ સાઇન્સ સિટી રોડ, સોલા, અહમદાબાદ – 380060.
JCI (USA) NABH
For emergency or appointment,
**1800 309 9999**



છીએ એના કરતાં ઓછા દુ:ખી થવાની કળા એટલે સ્વભાવનું મેનેજમેન્ટ.

## પ્રભુશરણ

| પી.એફ. નં. | પેન્શનર્સ / ફેમિલી પેન્શનર્સનું નામ | સ્થળ | મોબાઈલ | અવસાન તારીખ |
|---|---|---|---|---|
| ૮૨૬૪૮૨૧ | ભીખાભાઈ પ્રભાતસિંહ જેઠવા | પોરબંદર | ૯૦૩૩૬૯૫૯૦૦ | ૨૧-૦૪-૨૦૨૫ |
| ૨૯૦૧૫૫૨ | અલ્કાપુરી નિકમ (W/o નંદકિશોર એ. નિકમ) | વડોદરા | ૯૬૦૧૭૬૨૫૮૮ | ૨૦-૦૪-૨૦૨૫ |
| ૦૭૩૯૩૨૪ | ખુશાલભાઈ મોતીભાઈ શ્રીમાળી | અમદાવાદ | ૯૬૬૪૯૨૧૮૮૨ | ૨૫-૦૨-૨૦૨૫ |
| ૫૧૭૫૬૯૦ | મધુકર બી. બારૈયા | પોરબંદર | ૯૩૭૬૦૩૮૨૭૪ | ૨૩-૦૪-૨૦૨૫ |
| ૭૦૦૧૯૩ | નવનીતલાલ બી. મોદી | ન્યુ-જર્સી-USA | ૦૦૧-૨૪૮-૨૩૧-૫૩૮૪ | ૨૯-૦૪-૨૦૨૫ |
| | ઈશ્વરલાલ ડી. ચૌધરી | મહેસાણા | ૯૯૨૫૬૩૫૭૪૫ | ૨૭-૦૪-૨૦૨૫ |
| ૮૨૬૧૯૪૬ | જનાબ અબ્દુલ રહેમાન ફલજીભાઈ પઠાણ | ભાવનગર | ૯૯૦૪૭૫૬૬૧૧ | ૦૭-૦૪-૨૦૨૫ |
| ૫૨૨૫૫૯૦ | હરદેવસિંહ લગધીરસિંહ ગોહીલ | ભાવનગર | ૯૩૭૬૭૬૮૧૮૧ | ૧૫-૦૪-૨૦૨૫ |
| ૧૭૧૩૮૬૮ | નિલેશચંદ્ર અરવિંદભાઈ આચાર્ય | અમદાવાદ | ૯૭૨૫૧૬૭૦૮૭ | ૨૯-૦૩-૨૦૨૫ |
| ૧૩૬૮ | બાબુભાઈ બી. મારફતીયા (IBI Pensioner) | અમદાવાદ | ૯૫૧૦૦૯૩૯૬૭ | ૦૨-૦૫૨૦૨૫ |
| ૫૨૨૪૧૦૧ | ભરતભાઈ લાલજીભાઈ જોબનપુત્રા (આંબરડી) | રાજકોટ | ૭૦૪૧૬૦૬૧૬૨ | ૩૦-૦૪-૨૦૨૫ |
| ૧૭૩૯૭૪૩ | ચંદ્રિકાબેન ગોવિંદભાઈ પારેખ (ગોવિંદભાઈના બી. વાળંદના પત્ની) | અમદાવાદ | ૮૨૩૮૬૯૪૦૨૭ | ૧૬-૦૩-૨૦૨૫ |
| ૭૦૪૧૪૮ | ચંદ્રિકાબેન જે. બ્રાઈટ (જ્યોતિકુમાર બ્રાઈટના પત્ની) | અમદાવાદ | ૯૪૨૬૩૦૩૨૭૦ | ૦૨-૦૫-૨૦૨૫ |
| ૨૬૨૭૦૪૩ | પુષ્પેન્દ્ર રાણા (નીતા રાણાના પતિ) Mrs. Ex. AGM | વડોદરા | ૯૯૭૯૮૯૩૮૬૯ | ૧૨-૦૫-૨૦૨૫ |
| ૭૦૦૮૯૪ | દિનેશચંદ્ર એચ. શાહ | વડોદરા | ૯૮૯૮૦૪૩૪૫૭ | ૧૫-૦૫-૨૦૨૫ |
| ૮૨૭૬૭૪૯ | મુકુંદરાય વજેશંકર વ્યાસ | રાજકોટ | ૯૭૨૫૦૧૫૩૭૯ | ૦૯-૦૫-૨૦૨૫ |
| ૫૨૨૮૦૫૦ | પ્રવીણકુમાર એમ. મહેતા | જુનાગઢ-કેશોદ | ૯૦૩૩૩૨૦૩૦૦ | ૧૪-૦૫-૨૦૨૫ |
| ૭૩૩૭૬૮ | બીપીનકુમાર કે. શાહ (H/o. નિહારીકા શાહ) | અમદાવાદ | ૯૯૨૫૯૬૦૬૨૧ | ૧૬-૦૫-૨૦૨૫ |
| ૧૭૩૮૦૩૮ | બીપીનભાઈ મણીલાલ ગાંધી | અમદાવાદ | ૭૦૪૩૪૧૧૦૦૧ | ૦૫-૦૫-૨૦૨૫ |
| ૫૧૯૫૪૫૪ | બાબુભાઈ બચુભાઈ પરમાર | ભાવનગર | ૯૮૯૮૭૯૮૧૪૪ | ૧૨-૦૫-૨૦૨૫ |
| ૮૨૭૦૨૫૨ | મંજુલાબેન હિરાભાઈ તોરણીયા | પોરબંદર | ૯૮૯૮૩૮૬૭૬૨ | ૧૨-૦૫-૨૦૨૫ |
| ૮૨૭૨૮૮૩ | કનૈયાલાલ કાન્તીલાલ ત્રિવેદી | ભાવનગર | ૯૯૨૫૧૧૨૯૩૮ | ૧૫-૦૫-૨૦૨૫ |
| ૭૦૮૪૫૩ | રમેશભાઈ પરસોત્તમભાઈ મોરણીયા | અમદાવાદ | ૮૧૪૧૦૮૭૭૨૦ | ૧૯-૦૫-૨૦૨૫ |
| ૩૫૨૬૪૪૫ | વિષ્ણુબા પ્રવિણસિંહ બિહોલા (પ્રવિણસિંહ જે. બિહોલાના પત્ની) | અમદાવાદ | ૯૭૨૭૪૮૭૫૭૫ | ૦૫-૦૫-૨૦૨૫ |

પ્રભુ સદ્ગતના દિવ્ય આત્માને ચિર શાંતિ અર્પે તેવી પ્રાર્થના સાથે ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરીએ છીએ.

**ખાસ નોંધ :** પેન્શનર્સના અવસાનની માહિતી આપનારે પેન્શનર્સનું પુરૂં નામ, પી.એફ. નંબર, અને મોબાઈલનંબર અવશ્ય જણાવવો.

Pooja Investment & Finance Consultancy

Mr. Amrish Shah
Mr. Harshit Shah
Financial Advisers
+91 93270 08653
+91 99789 08869

Mrs. Jyotsna Shah
VSE Member

> Fixed Deposits
> 54EC Capital Gain Bonds
> General Insurance
> NCD Bonds

> Mutual Funds
> Public Issues
> GOI Bonds
> Life Insurance

PIFCO
POOJA INVESTMENT & FINANCE CONSULTANCY
(ESTD.1982)
TIME - MONEY - SAVINGS - GROWTH
CREATE YOUR WEALTH

G/22, Hemkoot Building,
Nr. Gandhigram Rly. Station,
Ashram Road, Ahmedabad-9.
Gujarat, INDIA.

Phone : +91 079 26581394
Email : info@poojainvestment.com
Site : www.poojainvestment.com





શ્વાસનો પણ વિશ્વાસ કરવા જેવો નથી, કહ્યા વગર જ બંધ પડી જાય છે

Registered under RNI No. GUJBIL/2007/29606.
"Registrered under Postal Registration No. GAMC-1658/2021-2023 valid upto X31st December-2023 issued by the SSPO's, Ahmedabad City Division, Permitted to post at Ahmedabad PSO, on 26th of every month."
Licensed to Post Wihout Prepayment No. PMG/NG/053/2021-23 valid upto 31/12/2023



# ડો. પ્રતાપ દેસાઈ આઈ હોસ્પીટલ

| ડો. પ્રતાપ દેસાઈ | ડો. હેમાક્ષી પી. દેસાઈ | ડો. સુરોહી શાહ |
|---|---|---|
| M.S. (ઓપ્થોલમોલોજી) | M.S. (ઓપ્થોલમોલોજી) | M.S. (ઓપ્થોલમોલોજી) |

રિટાયર્ડ સિનિયર મેડીકલ ઓફીસર, SBI, LHO, અમદાવાદ.

હવે નવા સરનામા ઉપર અત્યાધુનિક સુવિધા સાથે જુનો વિશ્વાસ

ક્લિનિકઃ ૨૦૧/૨૦૨, ક્ષિતીજ આર્ચ, આઈઓસી પેટ્રોલ પંપ પાસે, ગોલ્ડન ટ્રાયેન્ગલ સામે, સ્ટેડીયમ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૯.

મળવાનો સમય : સવારે ૯.૩૦ થી ૦૧.૦૦ તથા સાંજે ૪.૦૦ થી ૭.૦૦ એપોઈન્ટમેન્ટ : (મો) ૯૩૧૬૫૬૫૧૫૦, ૦૭૯-૨૬૫૬૪૫૪૭

ચશ્માના નંબર લેજરથી ઉતારવા માટે : ક્લિયરવ્યુ લેસર સેન્ટર, સ્ટેડિયમ પ્લાઝા, યોગેશ ખમણ પાસે, સ્ટેડિયમ રોડ, અમદાવાદ-૩૮૦૦૧૪ • સમય : સવારે ૧૦.૦૦ થી ૫.૦૦ • ફોન : ૭૯૪૮૪૬૦૨૦૨, ૯૭૨૫૪૪૭૩૭૩

ડો. પ્રતાપ દેસાઈ પણ SBIના જ પેન્શનર્સ છે. જેમણે અવિરત છેલ્લા ૩૨ વર્ષથી SBI પરિવાર માટે સિનિયર મેડિકલ ઓફિસર તરીકે નિ:સ્વાર્થ સેવાઓ આપેલ છે.

ડો. દેસાઈની આઈ હોસ્પિટલ પેરેમાઉન્ટ ટીપીએ, એસબીઆઈ જનરલ ઈન્સ્યોરન્સ સાથે પ્રિમિયમ કેટેગરીમાં જોડાયેલ છે.
(PPN Hospital Networkના રેટ્સ અમારી સર્જરી માટે લાગુ પડતા નથી) SBI અને e-SBI પેન્શનર્સ અને તેમના સ્પાઉઝને નિઃશુલ્ક કન્સલ્ટેશન

• એસબીઆઈ એમ્પ્લોઈઝ માટે ખાસ •

સુવિધા કેસલેશ જેવી, લેન્સ ઉચ્ચતર ગુણવત્તાવાળો, કેસલેસ ક્લેઈમમાં લિમિટ હોવાથી લેન્સની ગુણવત્તામાં લિમિટ આવતી હોય છે. Reimbursementમાં કેસલેસની વધુ સુવિધાઓ

**મંથલી મિટીંગ :** જૂન માસની મંથલી મિટીંગ તા. ૧૮-૦૬-૨૦૨૫ના રોજ બુધવારે સાંજે ૫.૦૦ કલાકે, બીજો માળ, સ્ટાફ કેન્ટીન, સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા, જુની લોકલ હેડ ઓફિસ, લાલ દરવાજા, અમદાવાદ ખાતે યોજવામાં આવશે. અમદાવાદના તમામ પેન્શનરોને મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેવા અપીલ છે. આ મિટીંગ એસબીઆઈ પેન્શનર્સ એસોસીએશન દ્વારા ફેસબુક ઉપર લાઈવ કરવામાં આવશે.

સભ્યો માટે સંપર્ક સ્થળ : એસબીઆઈ ઝોનલ ઓફિસ
ત્રીજા માળે, સી.એન. વિદ્યાલય, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫ (સવારે ૧૧ વાગ્યાથી સાંજે ૬ સુધી)
e-mail: gujpension@gmail.com • whatsapp no. 99982 65158 આ વોટ્સએપ નંબર ઉપર માત્ર મેસેજ કરવો કોલ કરવો નહિં.
President - R. N. Choksi : 7600978838 (Vadodara) General Sec. - Kamal Kadri: 9825578619

The Views expressed in the articles/write ups in the magazine are not necessarily those of the Association / Editorial Board. Readers will please refer to the concerned writers / Authors as to the authenticity of facts/ figures.

The advertisement in the magazine are only commercial ones and don't confer any assurances/ recommnedations from the part of the Association and its office-bearers/ Editorial Board members. Readers may make any transactions with them only after their independent enquiries.

**Printed & Published by :** Kamal Kadri on behalf of State Bank of India Pensioners' Association & **Printed at : Print Vision,** Near Central Bank of India, Ambawadi Bazar, Ahmedabad-380006.
**Published from:** SBI Zonal Office, 3rd Floor, C.N. Vidhayalay, Ambavadi, Ahmedabad-380015

Editor : Kamal Kadri Editorial Board : R. N. Choksi, Smt. Lalitha Iyer, Kantilal Parmar, Chintak Patel

If undelivered please return to :
• પ્રકાશન સ્થળ •
**એસબીઆઈ ઝોનલ ઓફિસ**
ત્રીજા માળે, સી.એન. વિદ્યાલય,
આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫

જતું કરવા વાળા અને જાતે કરવા વાળા, જિંદગીમાં ક્યારેય પણ દુ:ખી થતા નથી.